| Innovation ID | DTP0010000002532 | Sr No : 1 |
|---|---|---|
| Innovation Title | જીરું (Cuminum cyminum)ની વાવણીમાં ફેરફાર | |
| Category | પાક ઉત્પાદન | |
| Notebook Number | lok (૧) ૫-૬, Dec ૧૯૯૬, Pg No. ૧૩ | |
| Brief | જીરું (Cuminum cyminum)ની વાવણીમાં ફેરફાર કરવાથી કાળિયા રોગ સામે નિયંત્રણ | |
| Detail | જીરું (Cuminum cyminum)ના પાકમાં ભેજવાળા વાતાવરણમાં કાળિયા રોગનું આક્રમણ થતુ હોય છે. છોડ કાળા પડી સૂકાઈ જાય છે અને ઉત્પાદન લગભગ મળતું નથી.<br>વલભીપુર તાલુકાના પાણવી ગામના ખેડૂત શ્રી ભગવાનભાઈ તાવડીયા જીરુંના વાવેતરની પદ્ધતિમાં ફેરફાર કરીને આ રોગથી પાકને બચાવે છે.<br>ખેડૂતના જણાવ્યા મુજબ, જીરું વાવવા માટે સામાન્ય પદ્ધતિ મુજબ જ ક્યારા કરી તેમાં જીરું પૂખવામાં આવે છે. ત્યારબાદ આ ક્યારાઓમાં હળવું દંતાળ ચલાવવામાં આવે છે. જેથી, ક્યારામાં નાના-નાના પાળા બને છે. જીરુંના બીજ પાળા પર ઉગે છે. દંતાળ ચલાવતાં ધ્યાન એ રાખવાનું કે, ખેતરમાં કરેલ મુખ્ય પાળા તૂટી ન જાય ખેડૂત અનુભવે જણાવે છે કે, આ પદ્ધતિનો મુખ્ય ફાયદો એ છે કે, બીજ જમીનમાં (પાળામાં) ભળતું હોવાથી ઉગાવો સારો મળે છે. વળી, જીરુંના છોડ પાળા ઉપર જ હોવાથી પિયતનું પાણી છોડના (થડ) ના સીધા સંસર્ગમાં આવતું નથી. તેથી, ઝાકળ પડવા છતાં છોડ પાસેની જમીન સૂકી હોવાથી કાળીયો રોગ આવતો નથી. વળી, આ પદ્ધતિથી છોડમાં મૂળખાઈનો રોગ પણ આવતો નથી.<br>આ પદ્ધતિના વિચાર વિશે ખેડૂત જણાવે છે કે, પહેલાં સાદી રીતે જીરુંનું વાવેતર કરતાં તેમાં કાળીયો રોગ આવતો હતો. તેમ છતા, જે છોડ ક્યારાની પાળી ઉપર ઉગ્યા હોય તે છોડને ઓછું નુકશાન થયેલું જોયું, એટલે આ વિચારને સમર્થન મળ્યું. ગામના અન્ય ખેડૂતો પણ આ પદ્ધતિ હોંશથી અપનાવે છે.<br><br>(નોંધઃ- આ પદ્ધતિનું પીઆઈસી તા. ૨૫-૯-૨૦૦૭માં કિરણભાઈ. આર. રાઠવાએ કરેલ છે.) (આ પદ્ધતિ સાચી છે અને તેનો ઉપયોગ હાલ ખેડૂત કરે છે.)<br><br>લક્ષણોઃ- જીરૂનાં પાકમાં કાળિયો રોગ આવે ત્યારે છોડ કાળો પડી સુકાઈ જાય છે તથા ઉત્પાદન ઓછું આવે છે અને ખેડૂતને નુકશાન જાય છે.<br><br>અન્ય જાણકાર વ્યક્તિઃ<br>અમરસિંહભાઈ બુધાભાઈ પટેલ<br>રણજીતભાઈ મોબતભાઈ પટેલ<br>ઈશ્વરભાઈ ગોપાલભાઈ પટેલ<br>મોહનભાઈ ગોપાલભાઈ પટેલ<br>બાબુભાઈ ભીખાભાઈ પટેલ<br>મુ.પો. પાણવી, તા. વલભીપુર, જી. ભાવનગર. | |
| Method of Use | | |
| Caution | | |
| Benefit | | |
| Condition | | |
| Material Used | | |
| IPR Status | | |
| Keywords | જીરૂ, Cuminum cyminum, વાવણી, કાળિયા, અમરેલી | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૯૨ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | દિલીપભાઈ | Middle Name | ડી. | Last Name | કોરડીયા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ.પો. ભુભલી | Taluka | ઘોઘા | | |
| District | Bhavnagar | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૨૧ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | ભગવાનભાઈ | Middle Name | તળશીભાઈ | Last Name | તાવડીયા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ. પાણવી | Taluka | વલભીપુર | | |
| District | Bhavnagar | State | Gujarat | Country | India |

Biography

ખેડૂતનો પરિચય:
ભગવાનભાઈ ૭ ધોરણ સુધી ભણેલા છે. તેમની ઉંમર ૫૮ વર્ષ છે. તેમને પત્ની તથા તેમનાં પરિવારમાં ૩ દિકરા અને ૧ દિકરી છે. તેમની પાસે ૭૦ વિઘા જેટલી જમીન છે. તેમાં તેઓ કપાસ, તલ, મગફળી, જીરૂ જેવા પાકો પકવે છે. તેમને પિયતની સુવિધા છે. તેમને પશુઓમાં ૨ ભેંસ છે. તેમનાં આવકનાં સાધનો ખેતી-પશુપાલન, એગ્રોની દુકાન છે. તેમને રહેવા માટે પાકું મકાન છે. તેમની આર્થિક સ્થિતિ સારી છે.

સમસ્યા - નથી.

ગામનો પરિચય:
પાણવી ગામની વસ્તી અંદાજે ૨૦૦૦ જેટલી હશે. ગામમાં પંચાયત, પોસ્ટ ઓફિસ, આંગણવાડી, બાલમંદિર, તળાવ, મંદિર જેવું આવેલું છે. ગામમાં ૧થી ૭ ધોરણની પ્રાથમિક શાળા આવેલી છે. ગામમાં દિવાળઈ, નવરાત્રી, ગણેશ ચતુર્થી, ઉત્તરાયણ, હોળી જેવા ઉત્સવો ઉજવે છે. જમીન કાળી, ચીકણી માટી જોવા મળે છે. પાકમાં કપાસ, તલ, જીરૂ, મગફળી જેવા પાકો પકવે છે. ગામમાં બાવળ, લીમડા જેવા ઝાડ જોવા મળે છે. ગામમાં રજપુત, દલવાડી, કોળી, પટેલ, હરિજન જેવી જ્ઞાતિના લોકો વસે છે. તેઓની આવકનાં સાધનો ખેતી-પશુપાલન, નોકરી કરી પોતાની આવક મેળવે છે. ગામથઈ તાલુકાનું અંતર અંદાજે ૨૧ કિ.મી દૂર આવેલું છે. જ્યારે જિલ્લો ગામથી ૬૦ કિ.મી દૂર આવેલો છે. ગામમાં પાકા રસ્તા આવેલાં હોવાથી વાહન વ્યવહારની અવર-જવર ચાલું જોવા મળે છે.

સમસ્યા - ચાલું વર્ષ વધુ વરસાદને કારણે પાક નિષ્ફળ ગયેલ છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૧૭૫ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | કિરણસિંહ | Middle Name | રતનસિંહ | Last Name | રાઠવા (ચૌહાણ) |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ. મેઘરી, પો. કંજેટા | Taluka | ધાનપુર | | |
| District | Dahod | State | Gujarat | Country | India |
| Biography | | | | | |